©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **THURSDAY, MAY 14, 2026 / VAISAKHA 24, 1948** **[No. 20**

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1149-1218
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	20
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	39
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	463-514

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંકઃ ૪૬) ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંકઃ G/CP/વિ.શા./નવરાત્રી જાહેરનામું/૫૯૦૨/૨૦૨૫.– વડોદરા શહેરમાં ચાલુ વર્ષે નવરાત્રી મહોત્સવ નિમિત્તે શ્રી દુર્ગા માતાજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે અને મા દુર્ગા ની મુર્તિઓના વિસર્જન તા.૦૨/૧૦/૨૦૨૫ ના રોજ થનાર છે. સ્થાપના થયા તારીખથી વિસર્જનની તારીખ નાં દિવસો દરમ્યાન સમગ્ર શહેર માં નવરાત્રી ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. આ ઉત્સવ દરમિયાન લોકોમાં દુર્ગાની મૂર્તિ સ્થાપના કરી પૂજા અર્ચના કરી બાદમાં દુર્ગાની મૂર્તિઓનું વિસર્જન શહેરના જુદા-જુદા તળાવો ખાતે કરતા હોય છે તે દરમિયાન પર્યાવરણની જાળવણી થાય જળ સ્ત્રોતોમાં પ્રદૂષણ અટકે જળ સૃષ્ટી પર વિપરીત અસર ન થાય અને જાહેર જનતામાં આરોગ્ય ને હાનિ ન પહોંચે તથા પર્યાવરણ માં થતા પ્રદૂષણને અટકાવવા બોર્ડ દ્વારા તેમજ ઉચ્ચ ન્યાયાલય દ્વારા બહાર પાડવામાં આવેલ ગાઈડલાઈનને ધ્યાને લઇ માં દુર્ગાની મૂર્તિઓના વિસર્જન માટે વડોદરા શહેર મહાનગરપાલિકા દ્વારા કૃત્રિમ તળાવોની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

પર્યાવરણ (એન્વાયરમેન્ટ પ્રોટેક્શન) એક્ટ ૧૯૮૬ ની કલમ-૫ મુજબ ગુજરાત સરકારના પર્યાવરણ વિભાગના પત્ર નં.ઈએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪/ઈ, તારીખ ૨૬/૦૭/૨૦૧૦ ની સૂચના અનુસાર નામદાર ગુજરત હાઈકોર્ટ તથા મહારાષ્ટ્ર હાઈકોર્ટની સૂચના તથા આપેલ આદેશ અનુસાર પર્યાવરણને નુકસાન ન થાય તે હેતુ માટે સાવચેતીના પગલા લેવા જરૂરી જણાય છે.

સદર તહેવારની ઉજવણી દરમિયાન આ બાબતોને ધ્યાને રાખી વડોદરા શહેર ની જનતાની શાંતી અને સલામતી જળવાઇ રહે તેમજ કાયદો અને વ્યવસ્થા ની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી સાવચેતી ના પગલા રૂપે નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

હુકમ

આથી હું નરસિમ્હા કોમાર, I.P.S પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબરઃ જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ. તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલિત જાહેરનામા નંબરઃ જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ.અન્વયે મને મળેલ સત્તાની રૂએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૪ તેમજ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ પ્રતિબંધ મુકવા આથી હુકમ કરુ છુ કે,

પ્રતિબંધિત કૃત્યો

(૧) મુર્તિની ડીઝાઇન, રચના અને ઉંચાઇ જે જાહેર જીવનની સલામતિ માટે જોખમી હોય.

(૨) શ્રી દુર્ગા માતાજીની પી.ઓ.પી.ની મૂર્તિઓ બનાવવા, વેચવા, સ્થાપના કરવા તથા જાહેર માર્ગો ઉપર પરીવહન કરવા પર.

(૩) વડોદરા મહાનગરપાલિકા દ્વારા શ્રી દુર્ગા માતાજીની મૂર્તિઓના વિસર્જન માટે નિયત કરવામાં આવનાર સ્વીકાર કેન્દ્રો સિવાયના અન્ય કુદરતી સ્થળે મૂર્તિઓના વિસર્જન કરવા ઉપર.

(૪) મૂર્તિકારો જે જગ્યા એ મૂર્તિઓ બનાવવાની કામગીરી કરે છે, તે જગ્યાની આજુ બાજુ કોઈપણ પ્રકારની ગંદકી કરવા કે કોઇ પણ પ્રકારની મુર્તિ રોડ ઉપર જાહેરમાં ખુલ્લી રાખવા ઉપર.

(૫) શ્રી દુર્ગા માતાજીની માટીની મુર્તિઓનાં સ્થાપના દિવસ બાદ મૂર્તિકારોએ વધેલી તથા ખંડિત મૂર્તિઓને બીનવારસી હાલતમાં મુકવા ઉપર.

(૬) કોઈ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઈ ચિન્હો કે નિશાનીઓ વાળી મૂર્તિઓ બનાવવા, ખરીદવા તથા વેચવા ઉપર.

(૭) શ્રી દુર્ગા માતાજીઓની મુર્તિઓના વિસર્જન પૂર્ણ થયા બાદ તમામ મંડપો ૨ દિવસ કરતા વધારે દિવસ સુધી રાખવા ઉપર.

(૮) પરમીશનમાં દર્શાવલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર વિસર્જન કરવા જવા ઉપર.

(૯) મૂર્તિઓની બનાવટમાં પાણીમાં સરળતાથી ઓગળી ન શકે તેવા ઝેરી કેમિકલ યુક્ત રંગોનો ઉપયોગ કરવા ઉપર.

(૧૦) કોઇપણ આયોજક/વ્યક્તિ પીવાના પાણી માટે ઉપયોગમાં લેવાતા જળ સ્ત્રોત જેવા કે ડેમ, તળાવ, કુવા, નદી વગેરે જેવી જગ્યાએ માં દુર્ગાની મૂર્તિઓનું વિસર્જન કરવા ઉપર.

(૧૧) મૂર્તિ વિસર્જન માટે સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ/કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તથા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ઠરાવેલ પધ્ધતિ સિવાયની કોઇપણ પધ્ધતિથી મૂર્તિ વિસર્જન કરવા ઉપર.

અધિક મુખ્ય સચિવશ્રી વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાઓના પત્ર નંબર ઈએનવી/૧૦-૨૦૧૦-૧૦૦૪-ઈ, તા.૨૬/૦૭/૨૦૧૦ દ્વારા પાઠવેલ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી દરીયા, નદી, તળાવ નહેરના પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવા માટે આપેલ સુચનો તથા ધી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, સેન્ટ્રલ ઝોન બેન્ચ, ભોપાલના તા.૧૮/૦૮/૨૦૧૫ના હુકમ આધારે ઉપર મુજબના પ્રતિબંધ ફરમાવામાં આવે છે.

અમલવારીનો સમયગાળો

આ હુકમ તા. ૨૮/૦૯/૨૦૨૫ના કલાક ૦૦/૦૦ થી તા. ૦૨/૧૦/૨૦૨૫ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

વિસ્તાર

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ પાત્ર થશે.

શિક્ષા

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો

આ હુકમ અન્વયે વડોદરા કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

નરસિમ્હા કોમાર
પોલીસ કમિશ્નર,
વડોદરા શહેર.

જાહેરનામું

:: ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક : એસ.બી./હથિયારબંધી/ ૧૯૦/૨૦૨૫. સુરત શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ આગામી સમયમાં અગત્યના તહેવારો આવતા હોય અને સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત વિસ્તારમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

હુકમ

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(ક) કોઈપણ શસ્ત્રોકે શસ્ત્રો, બંદુક, તલવાર, ભાલા, ખંજર, ચપ્પા તથા શારિરીક વ્યથા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવા કે હિંસા કરવાના આશયથી ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો લાવવા-લઈ જવા કે પ્રદર્શન કરવા કે અન્ય રીતે સ્વ-બચાવના ચોકકસ કારણો સિવાય સાથે રાખીને ફરવા પર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, પ્રદર્શન કરવા, હવામાં ફાયર કરવા કે કોઈની સામે તાકવા પર કે તાકવાનો પ્રયત્ન કરવા પર તેમજ સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યકિતઓના સમુદાયમાં લાવવા લઈ જવા પર.

(ગ) શરીરને હાનિકારક એવા કોઈપણ સ્ફોટક પદાર્થ/ચીજવસ્તુ લાવવા-લઈ જવા પર.

(ઘ) પત્થરો તેમજ બીજા શસ્ત્રો/યંત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના શસ્ત્રો/યંત્રો કે સાધનો લાવવા-લઈ જવા પર, એકઠા કરવા પર અથવા બીજા કોઈને આવું કહેવા પર તેમજ તૈયારી કરવા પર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ કે ઘાતક છરા/ચપ્પુ લાવવા, રાખવા, વેચાણ કરવા,ખરીદ કરવા તેમજ ઓનલાઈન વેચવા કે ખરીદ કરવા પર.

(છ) સળગતી અગર સળગાવેલી મશાલ રાખવા કે રાખવાનો પ્રયત્ન કરવા બદલ કે મશાલ સરઘસ સાથે રાખવા પર.

(જ) કોઈપણ વ્યકિતનું પૂતળું બનાવવા કે બનાવવાનો પ્રયત્ન કરવા પર, કોઈપણ વ્યક્તિની આકૃતિ/ચિત્ર/પૂતળાં બાળવા, લટકાવવા, દેખાડવા કે ફાંસી આપવા પર કે આ પ્રકારનો પ્રયત્ન કરવા પર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

(ટ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવાં છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

અપવાદ

<u>આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ</u>.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈ પણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનામ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૨૯/૦૯/૨૦૨૫ ના ક.૦૦-૦૦ થી તા.૧૩/૧૦/૨૦૨૫ ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

આજ તારીખ:- ૨૭/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

:: જાહેરનામુ ::

:: ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭(૩) અન્વયે કાઢેલ ::

ક્રમાંક: એસ.બી./ચાર કરતા વધુ વ્યકિત ભેગા થવા ઉપર/૧૯૧/૨૦૨૫- સુરત શહેરમાં આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઈ પણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ સુરત પોલીસ કમિશ્નરની હદ વિસ્તારમાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર. ગુજરાત પોલીસ એકટની કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

:: પ્રતિબંધીત કૃત્યો ::

સુરત પોલીસ કમિશ્નર વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં. તેમજ કોઇ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઇ પણ જાતની સભા-સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

:: અપવાદ ::

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

:: અમલવારીનો સમય તથા વિસ્તાર. ::

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૨૯/૦૯/૨૦૨૫ ના ક.૦૬-૦૦ થી તા.૧૩/૧૦/૨૦૨૫ ના ક.૨૪-૦૦ વાગ્યા સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ (૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરમાં ફરજ બજાવતા અનામ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ-કલમ ૧૩૫ (૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:- ૨૭/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

અનુપમ સિંહ ગહલૌત
પોલીસ કમિશ્નર
સુરત શહેર

આમુખ:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક: એલ.આઈ.બી./અભિપ્રાય/૩૧૫૬/૨૦૨૫, તા.૧૮/૦૯/૨૦૨૫,

પ્રસ્તાવના

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (સી) અન્વયે

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૪૪૭૮/૨૦૨૫ - આમુખ-૧ થી ભરૂચ શહેર ખાતે પારસીવાડ (વ્હોરવાડ) વિસ્તાર નજીક પાયોનીયર હાઈસ્કુલ પાસે આવેલ જુમ્મા મસ્જીદ (જામા મસ્જીદ) ને ભારત સરકારનાં પુરાતત્વ વિભાગ દ્વારા રાષ્ટ્રીય રક્ષીત સ્મારક તરીકે જાહેર કરેલ છે. હિંદુ ધર્મ તેમજ મુસ્લિમ ધર્મનાં લોકો જુમ્મા મસ્જીદ (જામા મસ્જીદ) ની મુલાકાત અર્થે આવતા હોય છે. જેથી ધાર્મિક વૈમનસ્ય ન ફેલાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર સદરહું સ્થળની મુલાકાતે આવનાર મુલાકાતીઓની સુરક્ષા અર્થે તેમજ સદરહું ઐતિહાસિક સ્મારકને નુકશાન ન થાય તે માટે નીચે જણાવ્યા પ્રમાણે વ્યવસ્થા કરવા માટે નીચે આપેલ અ.નં.૦૧ થી ૦૬ મુજબની સુચનાઓનું પાલન થાય તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩(૧)(સી) હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા અંગે અત્રે રજૂઆત કરેલ છે.

અ.નં.	સ્મારક સ્થળની મુલાકાત લેતી વખતે અનુસરવાની માર્ગદર્શિકા
૧	આ સ્થળની મુલાકાત લેતી વખતે પ્રવેશ દ્વારથી પ્રવેશ કરવાનો તથા બહાર નીકળવાનાં દ્વારથી બહાર નીકળવાનું રહેશે.
૨	હાજર પોલીસ દ્વારા તથા પુરાતન વિભાગનાં કર્મચારીઓ દ્વારા જે સૂચના આપવામાં આવે તે સુચનાનું પાલન કરવાનું રહેશે.
૩	જો એક સાથે મોટી સંખ્યામાં લોકો આ સ્મારકની મુલાકાત લેવા માટે આવે ત્યારે લોકોની તથા સ્મારક સ્થળની સુરક્ષાને ધ્યાને લઈ ઓછી સંખ્યાનાં જથ્થામાં અનુક્રમે પોલીસની સૂચના મુજબ મુલાકાત લેવાની રહેશે.
૪	ભારતીય પુરાતત્વ વિભાગ દ્વારા જે પણ માર્ગદર્શિકા/સુચના અમલમાં મુકવા માટે જણાવવામાં આવે તે માર્ગદર્શિકા સુચનાનું અમલ કરવાનું રહેશે.
૫	આ સ્મારકને કોઈપણ રીતે નુકશાન ન થાય તે મુજબ વર્તન કરી આ સ્થળની મુલાકાત લેવાની રહેશે.
૬	આ રક્ષિત સ્મારકની દિવાલમાં ખીલ્લી મારવી, કોઈ વસ્તુ ચોંટાડવી કે કોઈ વસ્તુ તે રક્ષિત સ્મારક મિલકતમાંથી ઉખેડવી/તોડવી તથા આ રક્ષિત સ્થળમાં કોઈ વિસ્ફોટક સામગ્રી રાખવી કે કોઈ વધારે ધ્વનિ ઉત્પન્ન કરે તેવું વાદ્ય વગાડવું કે તે સ્થળે જમવાનું બનાવવું વિગેરે કૃત્યો તથા પ્રાચીન સ્મારકો અને પુરાતત્વીય સ્થળો અને અવશેષો નિયમો, ૧૯૫૯ માં પ્રતિબંધિત કૃત્યો તરીકે જાહેર કરેલ કૃત્યો તે સ્થળે કરવા નહી.

હુકમ

વાસ્તે, હું ગૌરાંગ મકવાણા, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ આદેશ કરું છું કે, હુકમની તારીખથી ભરૂચ શહેરની જુમ્મા મસ્જીદ (જામા મસ્જીદ) ખાતે ઉપરોક્ત જણાવ્યા મુજબની માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવામાં આવે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાના કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:-૧૮/૦૯/૨૦૨૫ ના રોજ મારી સાઈન તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ગૌરાંગ મકવાણા
જિલ્લા મેજીસ્ટ્રેટ
ભરૂચ

જાહેરનામું

-ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

નં.ડીસીબી/એમએજી-૧/જાહેરનામું/પ્રિલિમનરી પરીક્ષા/૨જી.નં.૯૩/વશી.૯૮૨૩ થી ૯૮૮૫/૨૦૨૫- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વલસાડનાઓએ તેઓશ્રીના પત્ર જાવક નં./પરીક્ષા બોર્ડ/૨૦૨૫-૨૬/ ૨૩૦૫૭, તા.૨૭/૦૮/૨૦૨૫ થી જણાવ્યા મુજબ વલસાડ જિલ્લામાં આગામી તા.૦૭/૦૯/૨૦૨૫ (રવિવાર) ના રોજ ગુજરાત જાહેર સેવા આયોગ ગાંધીનગર દ્વારા આયોજિત નાયબ સેક્શન અધિકારી, વર્ગ-૩ અને નાયબ મામલતદાર, વર્ગ-૩ (જા.ક્ર.-૦૮/૨૦૨૫-૨૬) અને દિવ્યાંગ ઉમેદવાર માટે ખાસ ભરતી (જા.ક્ર.-૧૨૭/૨૦૨૪-૨૫)ની પ્રિલિમનરી પરીક્ષા યોજાનાર છે. ઉક્ત પરીક્ષાના સરળ સંચાલન માટે તેમજ પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના શાંતિ અને સલામતી પુર્વક પરીક્ષા આપી શકે તથા બિલ્ડીંગ કંડકટરશ્રીઓ અસમાજીક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે અને તે દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તેવા હેતુથી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વલસાડની હકુમત હેઠળના નિયત પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં સરઘસ કાઢવાની તથા સભા ભરવાની તથા નીચે જણાવેલ તમામ પરીક્ષા કેન્દ્રની હદ થી ૧૦૦ મીટર ત્રિજયામાં ઝેરોક્ષના મશીનો બંધ રાખવા અને બીનઅધિકૃત વ્યકિતઓ તથા ખાનગી વાહનોને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરતાં અટકાવવાની મને જરૂર જણાય છે.

ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા આયોજિત

નાયબ સેક્શન અધિકારી, વર્ગ-૩ અને નાયબ મામલતદાર, વર્ગ-૩ (જા.ક્ર.-૦૮/૨૦૨૫-૨૬)

અને દિવ્યાંગ ઉમેદવાર માટે ખાસ ભરતી (જા.ક્ર.-૧૨૭/૨૦૨૪-૨૫)ની પ્રિલિમનરી પરીક્ષા

તા.૦૭/૦૯/૨૦૨૫(રવિવાર)ના રોજ યોજાનાર પરીક્ષાના પરીક્ષા કેન્દ્રો

૧	બાઈ આવાબાઈ હાઈસ્કુલ યુનિટ-૧, હાલર રોડ, વલસાડ
૨	બાઈ આવાબાઈ હાઈસ્કુલ યુનિટ-૨, હાલર રોડ, વલસાડ
૩	સેન્ટ જોસેફ ઈન્ગલીશ ટીચીંગ હાઈસ્કુલ, કલેકટર ઓફીસની પાસે, ધરમપુર રોડ, વલસાડ
૪	કુસુમ વિદ્યાલય, શીશુ વિહાર પાસે, વલસાડ
૫	બી.એ.પી.એસ. સ્વામીનારાયણ વિદ્યામંદિર (સેન્ટર-એ), ધારાનગર, અબ્રામા, વલસાડ
૬	બી.એ.પી.એસ. સ્વામીનારાયણ વિદ્યામંદિર (સેન્ટર-બી), ધારાનગર, અબ્રામા, વલસાડ
૭	આર.એમ. એન્ડ વી.એમ. હાઈસ્કુલ, યુનિટ-૧, કસ્તુરબા હોસ્પીટલની સામે, વલસાડ
૮	આર.એમ. એન્ડ વી.એમ. હાઈસ્કુલ, યુનિટ-૨, કસ્તુરબા હોસ્પીટલની સામે, વલસાડ
૯	શ્રી સી.આર. દેસાઈ, સ્વામીનારાયણ હાઈસ્કુલ, મણીબાગ, અબ્રામા, વલસાડ

વાસ્તે, હું એમ. ડી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલી સત્તાની રૂએ ફરમાઉ છું કે,

(૧) વલસાડ જિલ્લામાં ઉક્ત પરીક્ષા દરમ્યાન ઉપર જણાવેલ તમામ પરીક્ષા કેન્દ્રોની હદથી ૧૦૦ મીટરના વિસ્તારમાં ઉક્ત પરીક્ષાની તારીખે સવારે ૧૦/૦૦ થી બપોરના ૧૪/૦૦ કલાક સુધી પરીક્ષાના દિવસ દરમ્યાન ગેરકાયદેસર રીતે ૪ (ચાર) કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી. તેમજ લાઉડસ્પીકરનો ઉપયોગ કરવો નહી.

(૨) ઉપરોકત પરીક્ષા સ્થળોના ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં પ્રવેશતા ખાનગી વાહનો તેમજ પરીક્ષાર્થીઓને ગેરરીતીમાં મદદ કરવાના બદ ઈરાદાથી જતી બહારની અનધિકૃત વ્યકિતઓને પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરવો નહી. તેમજ પ્રવેશ કરવાની કોશિશ કરવી નહી. પરીક્ષાર્થી ઉમેદવારની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવું નહી. પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ પણ ચીજવસ્તુ ઈલેકટ્રોનીક આઈટમ,પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહી કે કરાવવામાં મદદગીરી કરવી નહી.

(૩) પરીક્ષાખંડમાં વિધાર્થીઓએ મોબાઈલ કે પરીક્ષામાં ચોરી ગણી શકાય તેવા કોઈ પણ પ્રકારના ઈલેકટ્રીક ઉપકરણો લઈ જવા નહી.

(૪) ઉપરોકત પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજયામાં ઉક્ત પરીક્ષાની તારીખે સવારે ૧૦/૦૦ થી બપોરે ૧૪/૦૦ કલાક સુધી પરીક્ષાના દિવસો દરમ્યાન ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકાશે નહી.

આ હુકમની નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

૧. લગ્નના વરઘોડાને(સાઉન્ડ સીસ્ટમ વગર) તેમજ સ્મશાન યાત્રાને કે રેલ્વે/એસ.ટી.માં મુસાફરીમાં જનાર બોનાફાઇડ વ્યકિતઓને તેમજ પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ અધિકૃત સરકારી કર્મચારીઓ, અધિકારીશ્રીઓ.

૨. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુકાયેલ કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓ.

૩. કેન્દ્રના સંવાહકશ્રીઓ, સંચાલકો, સ્થળ સંચાલકો, ઝોન પ્રતિનિધિ, ખંડ નિરીક્ષકો, વોટરમેન, બેલમેન તથા ઓળખપત્ર આપવામાં આવેલ હોય તેવા નિરીક્ષણ ટુકડીઓ સહિતના તમામ અધિકૃત કર્મચારીઓ.

આ હુકમથી ઓળખપત્ર વિનાની બિન અધિકૃત વ્યકિતઓને પરીક્ષા સ્થળની અંદર પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કર્યે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પો.સબ ઈન્સપેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ:૦૨/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૧) અન્વયે

નં.ડીસીબી.એમએજી/જીપીએ/૨જી.૯૪/વશી. ૯૮૯૦ થી ૯૯૪૫/૨૦૨૫- ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું એમ.ડી.ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, ઈદ-એ-મિલાદના તહેવારની ઉજવણી થનાર હોય તથા અંતિમ તબક્કાનું ગણપતિ વિસર્જન થનાર હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તા.૦૪/૦૯/૨૦૨૫ થી તા.૧૮/૦૯/૨૦૨૫ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ.

(૨) પોલીસ અધિક્ષકશ્રી વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિત.

(૪) સરકારશ્રી દ્વારા આયોજીત વિવિધ કાર્યક્રમો કે અભિયાન.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ(સને - ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ:૦૨/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુ ક મ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૩) અન્વયે.

નં.ડીસીબી.એમએજી/જીપીએ/૨જી.૯૫/વશી. ૯૯૪૬ થી ૧૦૦૦૧/૨૦૨૫ - ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું એમ.ડી.ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, ઈદ-એ-મિલાદના તહેવારની ઉજવણી થનાર હોય તથા અંતિમ તબક્કાનું ગણપતિ વિસર્જન થનાર હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી, વલસાડની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું એમ.ડી.ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને -૧૯૫૧ નો ૨૨ માં)ની કલમ - ૩૭ ની પેટા કલમ - ૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તા.૦૪/૦૯/૨૦૨૫ થી તા.૧૮/૦૯/૨૦૨૫ સુધી અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહીં કે દેખાવ કરવા નહીં.

આ હુકમ સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓ તથા સરકારશ્રી દ્વારા આયોજીત કાર્યક્રમો તથા અભિયાનને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આથી હું એમ.ડી.ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ફરમાવું છું કે, આ હુકમની વર્તમાનપત્રો દ્વારા તેની જાહેરાત કરી બહોળી પ્રસિધ્ધ કરવી.

આજ રોજ તારીખ:૦૨/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

નં.ડીસીબી/એમએજી-૧/જાહેરનામું/પ્રિલિમનરી પરીક્ષા/રજી.નં.૯૬/વશી.૧૦૧૨૪ થી ૧૦૧૮૩/૨૦૨૫- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વલસાડનાઓએ તેઓશ્રીના પત્ર જાવક નં./GSSSB પરીક્ષા/૨૦૨૫-૨૬/ ૨૩૩૬૧-૬૨-૨૩૪૧૭, તા.૦૯/૦૯/૨૦૨૫ થી જણાવ્યા મુજબ વલસાડ જિલ્લામાં આગામી તા.૧૪/૦૯/૨૦૨૫ (રવિવાર) ના રોજ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા આયોજિત મહેસૂલ વિભાગ હસ્તકની " મહેસૂલી તલાટી વર્ગ-૩" (જા.ક.-૩૦૧/૨૦૨૫-૨૬)ની પ્રિલિમનરી પરીક્ષા યોજાનાર છે. ઉક્ત પરીક્ષાના સરળ સંચાલન માટે તેમજ પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના શાંતિ અને સલામતી પુર્વક પરીક્ષા આપી શકે તથા બિલ્ડીંગ કંડકટરશ્રીઓ અસમાજીક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તેવા હેતુથી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વલસાડની હકુમત હેઠળના નિયત પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં સરઘસ કાઢવાની તથા સભા ભરવાની તથા નીચે જણાવેલ તમામ પરીક્ષા કેન્દ્રની હદ થી ૧૦૦ મીટર ત્રિજયામાં ઝેરોક્ષના મશીનો તથા લાઉડસ્પીકર બંધ રાખવા અને બીનઅધિકૃત વ્યકિતઓ તથા ખાનગી વાહનોને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરતાં અટકાવવાની મને જરૂર જણાય છે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા આયોજિત
મહેસૂલ વિભાગ હસ્તકની " મહેસૂલી તલાટી વર્ગ-૩" (જા.ક.-૩૦૧/૨૦૨૫-૨૬)ની પ્રિલિમનરી પરીક્ષા
તા.૧૪/૦૯/૨૦૨૫(રવિવાર)ના રોજ યોજાનાર પરીક્ષાના પરીક્ષા કેન્દ્રો

અ.નં.	પરીક્ષા કેન્દ્રનું નામ	પરીક્ષા કેન્દ્રનું સરનામું
૧	બી.કે.એમ.સાયન્સ કોલેજ, વલસાડ	ડો.મોગાભાઈ વિદ્યા સંકુલ, મોરારજીનગર, તિથલ રોડ, વલસાડ
૨	શાહ એન.એચ.કોર્મસ કોલેજ, વલસાડ	ડો.મોગાભાઈ વિદ્યા સંકુલ, મોરારજીનગર, તિથલ રોડ, વલસાડ
૩	શ્રીમતી જરબાનુ ફિરોજશા શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ	તિથલ રોડ, વલસાડ
૪	ગવર્નમેન્ટ ઈન્જીનિયરીંગ કોલેજ વલસાડ	બી.કે.એમ.સાયન્સ કોલેજ અને ગવર્નમેન્ટ પોલીટેકનીકલની વચ્ચે તિથલ રોડ, વલસાડ
૫	ગવર્નમેન્ટ પોલીટેકનીક કોલેજ	કોસંબા રોડ, કોલેજ કેમ્પસ, વલસાડ
૬	શ્રમજીવી વિધ્યાલય, વલસાડ	તિથલ રોડ, વલસાડ
૭	કુસુમ વિધાલય	તિથલ રોડ, રીના પાર્કની બાજુમાં, વલસાડ
૮	સેંટ જોસેફ ઇ ટી હાઈસ્કુલ	ધરમપુર રોડ, વલસાડ

૯	બાઇ આવાબાઇ હાઇસ્કુલ કેન્દ્ર - A	યુનિટ-૧ હાલર રોડ, વલસાડ
૧૦	બાઇ આવાબાઇ હાઇસ્કુલ કેન્દ્ર - B	યુનિટ-૨ હાલર રોડ, વલસાડ
૧૧	જી.વી.ડી. સાર્વજનિક હાઇસ્કુલ કેન્દ્ર - A	નાની મહેતવાડ, તા.વલસાડ, જિ.વલસાડ
૧૨	જે.એસ. કન્યા વિદ્યાલય	કસ્તુરબા હોસ્પીટલ પાસે, ધનસુરા રોડ, વલસાડ
૧૩	મણીબા સાર્વજનિક વિધાલય	કસ્તુરબા હોસ્પીટલ સામે, મુ. વલસાડ, વલસાડ
૧૪	આર. એમ. એન્ડ વી. એમ. દેસાઇ વિદ્યાધામ	યુનિટ-૧, કસ્તુરબા હોસ્પિટલની સામે, વલસાડ
૧૫	આર. એમ. એન્ડ વી.એમ હાઇ. વલસાડ	યુનિટ-૨, કસ્તુરબા હોસ્પિટલની સામે, વલસાડ
૧૬	સરસ્વતી ઇન્ટરનેશનલ સ્કુલ, વલસાડ	ધરમપુર રોડ, અબ્રામા, વલસાડ
૧૭	બી. એ. પી. એસ. સ્વામીનારાયણ વિદ્યામંદિર કેન્દ્ર - A	યુનિટ ૧ , ગુજરાતી માધ્યમ, ધારાનગર, અબ્રામા, વલસાડ, તા.જી.વલસાડ
૧૮	બી. એ. પી. એસ. સ્વામીનારાયણ વિદ્યામંદિર (ગુ.મા) કેન્દ્ર - A યુનિટ-૨	ગુજરાતી માધ્યમ ધારાનગર, અબ્રામા, વલસાડ, તા.જી. વલસાડ
૧૯	ડાહીબા સ્વામિનારાયણ ગુજરાતી માધ્યમ ની હાઇસ્કૂલ	ધારાનગર, અબ્રામા, તા.જિ.વલસાડ
૨૦	નેશનલ ઇંગ્લીશ સ્કૂલ, વલસાડ	ગ્રીન પાર્ક-૩,ભાગડાવાડા, વલસાડ, જિ.વલસાડ
૨૧	એસ.વી. સમિર દોલત દેસાઈ રાષ્ટ્રીય હિંદી વિદ્યાલય, વલસાડ	મોગરાવાડી, વલસાડ
૨૨	શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, પારડીસાંઢપોર, વલસાડ	તારાબાગ સોસાયટીની ક્રોસ, કૈલાસ રોડ, પારડીસાંઢપોર, વલસાડ, જિ.વલસાડ
૨૩	પ્રજ્ઞા પ્રબોધ ગાયત્રી વિદ્યાલય	કોસંબા રોડ, ગાયત્રી કેમ્પસ, તા.જી.વલસાડ
૨૪	સી. આર. દેસાઇ સ્વામીનારાયણ વિદ્યાલય	સોના સરીતા શાંતિનગર,ગેસ ગોડાઉનની બાજુમાં, અબ્રામા, તા.જી. વલસાડ
૨૫	જય અંબે ઇન્ટરનેશનલ સ્કુલ, મગોદ, યુનિટ-1	સીવીલ હોસ્પીટલ રોડ, મગોદ, વલસાડ
૨૬	જય અંબે ઇન્ટરનેશનલ સ્કુલ, મગોદ, યુનિટ-2	સીવીલ હોસ્પીટલ રોડ, મગોદ, વલસાડ
૨૭	વેદાંત મલ્ટિપર્પસ સ્કૂલ	સીવીલ હોસ્પીટલ રોડ, માગોદ, વલસાડ
૨૮	આર.જી.એ.એસ. હાઇસ્કૂલ	યુનિટ-૧ , રેલ્વે ઓવર બ્રીજ ની બાજુમાં, વાપી, તા.વાપી, જી.વલસાડ
૨૯	મધર ઓફ હોપ (આશાધામ) હાઇસ્કૂલ યુનિટ-૧	ગુંજન ચાર રસ્તા, ને.હા.નં.8 ની બાજુમા, વાપી, તા.વાપી, જી.વલસાડ
૩૦	દેસાઇ એન.ડી.એન. સાર્વજનિક હાઇસ્કૂલ	જી.આઇ.ડી.સી. વાપી, તા.વાપી, જી. વલસાડ
૩૧	શ્રી વિદ્યાનિકેતન સ્કુલ, વાપી	૮૯/૧, લોહાની પાસે, છરવાડા, વાપી

૩૨	શ્રીમતી સંન્દ્રાબેન શ્રોફ જ્ઞાનધામ સ્કુલ	જી.આઈ.ડી.સી.,વાપી, જી.વલસાડ
૩૩	ઉપાસના લાઈન અંગ્રેજી માધ્યમ સ્કૂલ, યુનિટ-૧	ગુંજન સિનેમાની પાછળ, જી.આઈ.ડી.સી. વાપી, જિ.વલસાડ
૩૪	ઉપાસના લાઈન અંગ્રેજી માધ્યમ સ્કૂલ, યુનિટ-૨	ગુંજન સિનેમાની પાછળ, જી.આઈ.ડી.સી. વાપી, જિ.વલસાડ
૩૫	શ્રી કિષ્ના ઈન્ટરનેશનલ વાપી	ગુંજન સિનેમાની પાછળ, જી.આઈ.ડી.સી. વાપી, જિ.વલસાડ
૩૬	શ્રીમતી ઝેડ.એચ.શાહ સાર્વજનિક હાઈસ્કૂલ, ડુંગરા, વાપી	ડુંગરા, સેલવાસ રોડ, વાપી, જિ.વલસાડ
૩૭	ફેલોશીપ મિશન સ્કૂલ, વાપી	ડુંગરા, સેલવાસ રોડ, વાપી, જિ.વલસાડ
૩૮	ફેલોશીપ મિશન સ્કૂલ- 2	ફેલોશીપ નગર, સિલવાસા રોડ, ચણોદ, વાપી
૩૯	શ્રી એલ.જી.હરીયા મલ્ટી. સ્કુલ, વાપી	હરીયા પાર્ક, સિલવાસા રોડ, ડુંગરા, વાપી
૪૦	શ્રી સારસ્વત વિદ્યાલય, રાતા	રાતા, તા.વાપી, જિ.વલસાડ
૪૧	ઝેવિયર્સ હાઇ સ્કૂલ, કોપરલી, વાપી CBSC	કોપરલી રોડ, છરવાડા, વાપી
૪૨	આર.કે.દેસાઈ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ	કોલેજ કેમ્પસ, સી-ટાઈપ, કોપરાલી રોડ નજીક, જી.આઈ. ડી.સી.,વાપી, જિ.વલસાડ
૪૩	સેંટ એન્ડ્રુઝ હાઈસ્કૂલ, ડુંગરા	ડુંગરા, સેલવાસ રોડ, વાપી, જિ.વલસાડ
૪૪	મરોથીયા ઈ.મી. સ્કૂલ, ડુંગરા-1	પેપર મીલ રોડ, નવી નગરી, ડુંગરા, વાપી, તા.વાપી, જિ.વલસાડ
૪૫	મરોથીયા ઈ.મી. સ્કૂલ, ડુંગરા-2	પેપર મીલ રોડ, નવી નગરી, ડુંગરા, વાપી, તા.વાપી, જિ.વલસાડ
૪૬	સ્ટ્રગલ ઈંગ્લિશ હાઈસ્કૂલ, વાપી	છરવાડા, તા.વાપી, જિ.વલસાડ
૪૭	બુનમેક્ષ અંગ્રેજી માધ્યમ સ્કૂલ, વાપી	એજ્યુકેશન પાર્ક, કસ્ટમ રોડ, ચલા, વાપી
૪૮	સેંટ ફ્રાંસિસ હાઈસ્કૂલ, યુનિટ-૧	ચલા, વાપી, જિ.વલસાડ
૪૯	સેંટ ફ્રાંસિસ હાઈસ્કૂલ, યુનિટ-૨	ચલા, વાપી, જિ.વલસાડ
૫૦	સંસ્કાર ભારતી હાઈસ્કૂલ	કુંભારવડ, વાપી, જિ.વલસાડ
૫૧	એન. એમ. બિલખિયા મોર્ડન ઈંગ્લીશ સ્કૂલ, વાપી	ઈમરાનનગર, વાપી, જિ.વલસાડ
૫૨	વિદ્યા વિકાસ હિંદી વિદ્યાલય	સરસ્વતી નગર, વાપી, જિ.વલસાડ
૫૩	જ્ઞાન ગંગા ઈંગ્લિશ મિડિયમ હાઈસ્કૂલ, છીરી	કંચન નગર, છીરી, વાપી, જિ.વલસાડ
૫૪	શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ, સલવાવ-1	એમ્બર્સ મોલ નજીક, સલવાવ વાપી, જિ.વલસાડ

વાસ્તે, હું એમ. ડી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલી સત્તાની રૂએ ફરમાઉ છું કે,

(૧) વલસાડ જિલ્લામાં ઉક્ત પરીક્ષા દરમ્યાન ઉપર જણાવેલ તમામ પરીક્ષા કેન્દ્રોની હદથી ૧૦૦ મીટરના વિસ્તારમાં ઉક્ત પરીક્ષાની તારીખે બપોરે ૧૪/૦૦ થી સાંજના ૧૮/૦૦ કલાક સુધી પરીક્ષાના દિવસ દરમ્યાન ગેરકાયદેસર રીતે ૪ (ચાર) કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી.

(૨) ઉક્ત પરીક્ષા દરમ્યાન ઉપર જણાવેલ તમામ પરીક્ષા કેન્દ્રોની હદથી ૧૦૦ મીટરના વિસ્તારમાં લાઉડસ્પીકર તથા કોઈપણ પ્રકારના સાઉન્ડ સીસ્ટમનો ઉપયોગ કરવો નહી.

(૩) ઉપરોકત પરીક્ષા સ્થળોના ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં પ્રવેશતા ખાનગી વાહનો તેમજ પરીક્ષાર્થીઓને ગેરરીતીમાં મદદ કરવાના બદ ઈરાદાથી જતી બહારની અનધિકૃત વ્યકિતઓને પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરવો નહી. તેમજ પ્રવેશ કરવાની કોશિશ કરવી નહી. પરીક્ષાર્થી ઉમેદવારની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવું નહી. પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ પણ ચીજવસ્તુ ઈલેકટ્રોનીક આઈટમ,પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહી કે કરાવવામાં મદદગીરી કરવી નહી.

(૪) પરીક્ષાખંડમાં વિધાર્થીઓએ મોબાઈલ કે પરીક્ષામાં ચોરી ગણી શકાય તેવા કોઈ પણ પ્રકારના ઈલેકટ્રીક ઉપકરણો લઈ જવા નહી.

(૫) ઉપરોકત પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજયામાં ઉક્ત પરીક્ષાની તારીખે બપોરે ૧૪/૦૦ થી સાંજના ૧૮/૦૦ કલાક સુધી પરીક્ષાના દિવસો દરમ્યાન ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકાશે નહી.

આ હુકમની નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

૧. લગ્નના વરઘોડાને(સાઉન્ડ સીસ્ટમ વગર) તેમજ સ્મશાન યાત્રાને કે રેલ્વે/એસ.ટી.માં મુસાફરીમાં જનાર બોનાફાઈડ વ્યકિતઓને તેમજ પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ અધિકૃત સરકારી કર્મચારીઓ, અધિકારીશ્રીઓ.

૨. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુકાયેલ કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓ.

૩. કેન્દ્રના સંવાહકશ્રીઓ, સંચાલકો, સ્થળ સંચાલકો, ઝોન પ્રતિનિધિ, ખંડ નિરીક્ષકો, વોટરમેન, બેલમેન તથા ઓળખપત્ર આપવામાં આવેલ હોય તેવા નિરીક્ષણ ટુકડીઓ સહિતના તમામ અધિકૃત કર્મચારીઓ.

આ હુકમથી ઓળખપત્ર વિનાની બિન અધિકૃત વ્યકિતઓને પરીક્ષા સ્થળની અંદર પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કર્યે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પો.સબ ઈન્સપેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ:૧૦/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુ ક મ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૧) અન્વયે કાઢેલો

નં.ડીસીબી.એમએજી/જીપીએ/રજી.૯૭/વશી.૧૦૨૨૩ થી ૧૦૨૭૮/૨૦૨૫- ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું એમ.ડી.ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, આગામી સમયમાં નવરાત્રિ-દશેરાના તહેવારની ઉજવણી થનાર હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૧૫/૦૯/૨૦૨૫ની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તા.૧૯/૦૯/૨૦૨૫ થી તા.૦૩/૧૦/૨૦૨૫ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, ચપ્પુ, છરા અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિત.

(૩) સરકારશ્રી દ્વારા આયોજીત વિવિધ કાર્યક્રમો કે અભિયાન.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ(સને - ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩નીકલમ-૨૨૩ મુજબ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:૧૮/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુ ક મ :-

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૩) અન્વયે કાઢેલો

નં.ડીસીબી/એમએજી/જીપીએ/૨જી.૯૮/વશી.૧૦૨૭૯ થી ૧૦૩૩૪/૨૦૨૫ ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું એમ.ડી.ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, આગામી સમયમાં નવરાત્રિ-દશેરાના તહેવારની ઉજવણી થનાર હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું એમ.ડી.ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને-૧૯૫૧ નો ૨૨માં)ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તા.૧૯/૦૯/૨૦૨૫ થી તા.૦૩/૧૦/૨૦૨૫ સુધી અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહીં કે દેખાવ કરવા નહીં.

આ હુકમ સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓ તથા સરકારશ્રી દ્વારા આયોજીત કાર્યક્રમો તથા અભિયાનને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:૧૮/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

એમ.ડી.ચુડાસમા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
વલસાડ

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયેનું

નં.એમએજી/તહેવાર/વશી.૭૪૯૬ થી ૭૫૨૯/૨૦૨૫- સુરત ગ્રામ્ય જીલ્લામાં આગામી દિવસોમાં અગત્યના ધાર્મિક તહેવારો આવતા હોય અને સુરત ગ્રામ્ય જીલ્લામાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે ઈચ્છનીય છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

::પ્રતિબંધિત કૃત્યો::

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ધોડા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇ પણ સાધન સાથે લઇ જવું નહી.

(ખ) કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓનો ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઇ જવા નહીં એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) કોઇ શબ, આકૃતિ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી બતાવવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

(છ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવી નહી.

(જ) લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહીં, ગીતો ગાવા નહી કે વાદ્ય વગાડવું નહી.

આ હુકમ નીચે દર્શાવેલ વ્યકિત/વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઇપણ વ્યકિતને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા આવું કોઇ હથિયાર લઇ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સુરત, જિલ્લા પોલીસ વડાશ્રી(રૂરલ), સુરતએ અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારીરીક અશકિતને કારણે લાકડી, લાઠી લઇ જવાની જરૂરીયાત હોય તેવી વ્યકિત/વ્યકિતઓ.

(૩) આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

વિસ્તાર

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે"

અમલવારીનો સમય

આ હુકમની અમલવારી તા.૧૯/૦૯/૨૦૨૫ થી તા. ૦૩/૧૦/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૧૯/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયેનું

નં.એમએજી/જાહેરનામું/વશી.૭૫૩૦ થી ૭૫૬૩/૨૫- સુરત જિલ્લામાં આગમી તા.૨૨/૦૯/૨૦૨૫ થી તા.૦૧/૧૦/૨૦૨૫ દરમ્યાન નવરાત્રી તથા તા.૦૨/૧૦/૨૦૨૫ના રોજ દશેરાની ઉજવણી તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તથા જાહેર સુલેહ શાંતિ અને સલામતિ જળવાઇ રહે તે સારૂ જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે,

:: પ્રતિબંધિત કૃત્યો ::

જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં પરવાનગી વગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઈ પણ જાતની સભા-સરઘર કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

:: અપવાદ ::

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

-:: વિસ્તાર ::-

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે''

-: અમલવારીનો સમય ::-

આ હુકમની અમલવારી તા. ૧૯/૦૯/૨૦૨૫ થી તા.૦૩/૧૦/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંની ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

વિજય રબારી
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
સુરત

વંચાણ :

૧. ચીફ ઓફિસશ્રી, વિરમગામ નગરપાલિકા ના તા.૧૨/૦૮/૨૦૨૪ ના પત્ર No. VRGNP/0040/08/2024

૨. પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદ નો તા.૨૧/૦૯/૨૦૨૪ નો પત્ર ક્રમાંક :એલ.આઈ.બી./ભારેવાહન /જાહેરનામું/ અભિપ્રાય/૩૮૧૩/૨૦૨૪

૩. અત્રેનીકચેરીનાતા.૧૪/૧૦/૨૦૨૪નાપત્રક્રમાંક.નં.ડીસી/એમએજી/વિરમગામસીટીવિસ્તાર/ભારેવાહનપ્રતિબંધ/જાહેરનામું/મુક્તિ/એસ.આર. નં.૧૦૦/૨૦૨૪

૪. અત્રેનીકચેરીનાતા.૦૨/૦૧/૨૦૨૫નાપત્રક્રમાંક.નં.ડીસી/એમએજી/વિરમગામસીટીવિસ્તાર/ભારેવાહનપ્રતિબંધ/જાહેરનામું/મુક્તિ/એસ.આર. નં.૦૨/૨૦૨૫

૫. અત્રેનીકચેરીનાતા.૨૦/૦૫/૨૦૨૫નાપત્રક્રમાંક.નં.ડીસી/એમએજી/વિરમગામસીટીવિસ્તાર/ભારેવાહનપ્રતિબંધ/જાહેરનામું/મુક્તિ/એસ.આર. નં.૯૨/૨૦૨૫

૬. પોલીસ અધિક્ષકશ્રી,અમદાવાદ(ગ્રામ્ય),અમદાવાદનો તા.૧૫/૦૭/૨૦૨૫નોપત્રક્રમાંક:એલ.આઈ.બી./ભારેવાહન/જાહેરનામું/૫૧૪૫/૨૦૨૫

૭. પોલીસ અધિક્ષકશ્રી,અમદાવાદ(ગ્રામ્ય),અમદાવાદનો તા.૧૫/૦૯/૨૦૨૫નોપત્રક્રમાંક:એલ.આઈ.બી./ભારેવાહન/જાહેરનામું/૬૨૯૧/૨૦૨૫

હુકમ :-

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો.

નં.ડીસી/એમએજી/વિરમગામ સીટી વિસ્તાર/ભારે વાહન પ્રતિબંધ/જાહેરનામું/એસ.આર.નં. ૧૬૮/૨૦૨૫- આમુખ-૧ ની વિગતે વિરમગામ નગરપાલિકાના સામાન્ય સભા ઠરાવ નં-૧૩, તા.૧૨/૦૭/૨૦૨૪ થી શહેરના સીટી વિસ્તારોમાં ભારે વાહનોના પ્રતિબંધ માટે દરખાસ્ત કરવા ઠરાવેલ છે. શહેરના સીટી વિસ્તારમાં ટ્રાફિક તેમજ અકસ્માત બનાવો ન બને તે માટે નગરપાલિકાના ઠરાવ, અનુસાર જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે.

આમુખ-૨ થી પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદ દ્વારા વિરમગામ સીટીના (૧) રૈયાપુર ત્રણ રસ્તાથી, ભરવાડી દરવાજા, વિરમગામ કોર્ટ, બાબા સાહેબ આંબેડકર રેલવે ઓવરબ્રિજ થઈ પંચમુખી સર્કલ સુધી તથા (૨) ગંગાનગર ત્રણ રસ્તા, રાજીવનગર બાયપાસ, મુનસર થઈ તાલુકા સેવા સદન સુધી તથા (૩) નગરપાલિકા કચેરી, ગોલવાડી દરવાજા થઈ ભરવાડી દરવાજા સુધી તથા (૪) ગોલવાડી દરવાજા થી રેલવે સ્ટેશન સુધી તથા (૫) માંડલ ભજીયા (દિનેશ ફરસાણ) થી નીલકી રેલવે ઓવરબ્રિજ (બાબા સાહેબ આંબેડકર રેલવે ઓવરબ્રિજ) સુધી તથા (૬) જુની મીલની ચાલી થી ભરવાડી દરવાજા અને જુની મીલની ચાલી થી કોર્ટ સુધી આ કુલ ૦૬ માર્ગો ઉપર સવારના ૦૭/૦૦ થી રાત્રીના કલાક ૨૨/૦૦ સુધી ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ જાહેર કરવા અને જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જેથી વિરમગામ સીટી વિસ્તારમાં ટ્રાફિક અકસ્માત

ના બનાવો ના બને તે માટે ભારે વાહનોના પ્રવેશવા ઉપર પ્રતિબંધ ફરમાવવો ઉચિત જણતો હોય નીચે મુજબનો હુકમ કરવો આવશ્યક જણાય છે.

આમુખ-૩ થી એક્યુલાઈફ હેલ્થકેર, ગામ-સચાણા, તા.વિરમગામ ની ૦૬ સ્ટાફ બસને સરદહુ જાહેરનામા માંથી મુક્તિ આપવામાં આવેલ છે.

આમુખ-૪ થી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિરમગામ ખાતે કૃષિ પેદાશ લેવા વેચવા માટે આવતા ભારે વાહનોને ગંગાસર ત્રણ રસ્તાથી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિરમગામ સુધી છૂટછાટ આપવામાં આવેલ છે.

સબબ હું બી.આર.સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી વિરમગામ સીટીના ઉપરોક્ત સ્થળો ઉપર ભારે વાહનોના પ્રવેશબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા આથી નીચે મુજબ હુકમ કરું છું.

-:જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર:-

વિરમગામ સીટીના (૧) રૈયાપુર ત્રણ રસ્તાથી, ભરવાડી દરવાજા, વિરમગામ કોર્ટ, બાબા સાહેબ આંબેડકર રેલવે ઓવરબ્રિજ થઈ પંચમુખી સર્કલ સુધી તથા (૨) ગંગાનગર ત્રણ રસ્તા, રાજીવનગર બાય પાસ, મુનસર થઈ તાલુકા સેવાસદન સુધી તથા (૩) નગરપાલિકા કચેરી, ગોલવાડી દરવાજા થઈ ભરવાડી દરવાજા સુધી તથા (૪) ગોલવાડી દરવાજાથી રેલવે સ્ટેશન સુધી તથા (૫) માંડલ ભજીયા (દિનેશ ફરસાણ) થી નીલકી રેલવે ઓવરબ્રિજ (બાબા સાહેબ આંબેડકર રેલવે ઓવરબ્રિજ) સુધી તથા (૬) જુની મીલની ચાલીથી ભરવાડી દરવાજા અને જુની મીલની ચાલીથી કોર્ટ સુધી

-:જાહેરનામા મુજબ પ્રતિબંધિત કૃત્યો:-

ઉપરોક્ત પ્રતિબંધિત વિસ્તારોમાં તમામ પ્રકારના મોટા/ ભારે ફોરવ્હિલ વાહનો અને તેનાથી વધુ વ્હિલવાળા વાહનો જેવા કે મીની ટેમ્પો, ટેમ્પો, મીની ટ્રક, ટ્રકોને પ્રવેશવા ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરવામાં આવે છે.

-:જાહેરનામા મુજબ અપવાદ:-

ઉપરોક્ત પ્રતિબંધિત વિસ્તારોમાં સરકારી વાહનો /સરકારી કામે રોકાયેલ વાહનો, આકસ્મિક સંજોગોને પહોંચી વળવા ઉપયોગમાં લેવાતા વાહનો જેવા કે એમ્બુલન્સ, અગ્નિશામક વાહન તેમજ ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ભારે વાહનો કે જે સરકારશ્રી ની વિવિધ પોષણલક્ષી યોજનાઓ જેવી કે મધ્યાહન ભોજન યોજના, એ.પી.એલ/ બી.પી.એલ/ અંત્યોદયકાર્ડ ધારકો તેમજ અન્ય યોજનાઓમાં વિતરણ કરવાનું અનાજના ટ્રાન્સપોર્ટેશન માટે ઉપયોગમાં લેવાતા ભારે વાહનો, એક્યુલાઈફ હેલ્થકેર, ગામ-સચાણા, તા.વિરમગામ ની આમુખ-૩ થી મુક્તિ આપેલ ૦૬ સ્ટાફ બસો ઉપર પ્રતિબંધ લાગુ પડશે નહીં. તેમજ આમુખ-૪ થી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિરમગામ ખાતે કૃષિ પેદાશ લેવા વેચવા માટે આવતા ભારે વાહનોને ગંગાસર ત્રણ રસ્તાથી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિરમગામ સુધી છૂટછાટ આપવામાં આવેલ છે.

-:જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો:-

આ હુકમ તા.૧૮/૦૯/૨૦૨૫ થી તા.૧૬/૧૧/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે દરરોજ સવારના ૦૭:૦૦ કલાકથી રાત્રીના ૨૨:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

-:જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ:-

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા- ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ (ગ્રામ્ય) વિસ્તારમાં : ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૭/૦૯/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીના સિડકા સાથે હુકમ કરવામાં આવ્યો.

વંચાણમાં લીધું:-

(૧) પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૧૬/૦૯/૨૦૨૫ના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./પ્રોટ/નો ફલાય ઝોન / ૬૩૧૭/૨૦૨૫

જાહેરનામું:-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનો.

નં.ડીસી/એમએજી/જાહેરનામું/ નો ડ્રોન ફેલાય ઝોન /એસ.આર. ૧૭૧/૨૦૨૫ -આમુખ- (૧) ના પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા. ૧૬/૦૯/૨૦૨૫ ના પત્રથી માન, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી નાઓ તા.૨૦/૦૯/૨૦૨૫ ના રોજ કલાક ૧૨/૧૫ વાગે ભાવનગર એરપોર્ટ થી હેલિકોપ્ટર મારફતે નીકળી કલાક ૧૩/૨૦ વાગે કોઠ પો.સ્ટેની હદના લોથલ હેલીપેડ ખાતે પધારનાર છે. તેમજ કલાક ૧૩/૨૫ વાગે લોથલ હેલીપેડ થી બાય રોડ નીકળી નેશનલ મેરીટાઈમ હેરીટેજ કોમ્પલેક્ષ, લોથલ (કાર્યક્રમ વાળી જગ્યા) એ પધારનાર છે. તેમજ કલાક ૧૩/૩૦ થી ૧૪/૦૦ વાગ્યા સુધી કાર્યક્રમ વાળી જગ્યાએ હોલ્ટ રહેશે. તેમજ કલાક ૧૪/૦૦ થી કલાક ૧૫/૧૫ વાગ્યા સુધી રીવ્યુ મીટીંગમાં હાજરી આપી નેશનલ મેરીટાઈમ હેરીટેજ કોમ્પલેક્ષની મુલાકાત લેનાર છે. તેમજ કલાક ૧૫/૨૦ વાગે કાર્યક્રમ વાળી જગ્યાથી બાય રોડ નીકળી કલાક ૧૫/૨૫ વાગે લોથલ હેલીપેડ ખાતે પધારનારા છે. તેમજ કલાક ૧૫/૩૦ વાગે લોથલ હેલીપેડ થી હેલીકોપ્ટર મારફતે નીકળી અમદાવાદ એરપોર્ટ જવા રવાના થનાર છે.

જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ તા.૨૦/૦૯/૨૦૨૫ ના રોજ સવાર કલાક ૦૮/૦૦ થી કલાક ૧૮/૦૦ સુધી કોઠ પો સ્ટે. ની હદના ઉપરોકત જણાવેલ કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તારને "NO DRONE FLYING ZONE" તરીકે જાહેર કરવા સબંધિત એરપોર્ટ ઓથોરીટી તરફ જરૂરી સુચના આપવા વિનંતી કરેલ છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ સમયે તથા સ્થળને "NO DRONE FLYING ZONE" જાહેર કરૂ છુ. જે દરમ્યાનમાં રીમોટ કંટ્રોલથી ચલાવવામાંઆવતાડ્રોન(DRONE),ક્વાડકોપ્ટર(QUADCOPTER),પાવર્ડએરક્રાફ્ટ(POWEREDAIRCRAFT)તેમજમાનવસંચાલિત માઈક્રોલાઈટએરક્રાફ્ટ(MICROLIGHTAIRCRAFT),હેંગગ્લાઈડર/પેરાગ્લાઈડર(HANGGLIDER/PARAGLIDER),પેરામોટર (PARAMOTOR),તેમજહોટએરબલુન(HOTAIRBALLOONS)તથાપેરાજમ્પીંગ(PARAJUMPING)ચલાવવાની/કરવાનીમનાઈ ફરમાવુ છું.

અપવાદ

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો દવારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામામાંથી મુક્તિ આપું છું

વિસ્તાર

